**કપરાડાના મહે. જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, તા. કપરાડા,જિ.વલસાડ...**

**ફોજદારી કેસ નં. : ૧૩૨૫/૨૦૨૬**
**આંક – ૧૮**

**શ્રી સરકાર** ...**ફરીયાદી**

વિ.

**મારૂતી સ/ઓ ભાવુસાહેબ લાંડગે, ઉ.વ. ૩૮,**
રહે. વડગાંવ લાંગડા, ગણેશ મંદિર પાસે,
તા.સંગમનેર, જી.અહમદનગર (મહારાષ્ટ્ર) ...**આરોપી**

**ગુનો: ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ – ૫, ૮, ૯, ૧૦ તથા સુધારા અધીનીયમ ૨૦૧૧ ની કલમ–૬(ક), ૮ તથા સુધારા અધીનીયમ ૨૦૧૭ ની કલમ–૬(ક) ૪, ૮ તથા પ્રાણી ક્રુરતા નીવારણ અધીનીયમ ૧૯૬૦ ની કલમ–૧૧ (ઘ,ચ,ક,ઝ,ડ) તથા પ્રાણી હેરફેરના નિયમ – ૪૬ થી ૫૬ નો ભંગ તથા ગુજરાત મોટર વ્હીકલ એકટની કલમ ૧૨૩ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ એકટ ૧૧ નો સુધારો ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઈ) મુજબ.**

## :: કમિટલ હુકમ ::

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આઇસર ટેમ્પો નં.જીજે–૨૩–એટી–૯૫૬૩ ના અગાઉ પકડાયેલ આરોપી ડ્રાઇવર ઇશ્વરભાઇ બચુભાઇ વાદી, રહે.ડેમાઇ, તા.બાયડ, જી.અરવલ્લી તથા કલીનર ઇશ્વરભાઇ પુજાભાઇ ખાંડ, રહે.ડેમાઇ, તા.બાયડ, જી.અરવલ્લી નાઓ તથા ઉદયકુમાર સુરજ રાય રહે.ચોયલા રોડ, તા.બાયડ જી.અરવલ્લી નાઓએ કુલ નંગ–૧૧ ઉ.વ. આશરે પાંચ થી સાત વર્ષની જે એક ગાયની કિ.રૂા.આ.૩૦,૦૦૦/– લેખે કુલ્લે ગાય નંગ–૧૧ કિ.રૂા.૩,૩૦,૦૦૦/– તથા બે વાછરડા, ઉ.વ.આ. ચાર દિવસની કિ.રૂા.૫,૦૦૦/– મળી કુલ્લે ૩,૩૫,૦૦૦/– ના પશુઓ પકડાયેલ આરોપી ઉબેદ દાઉદ શેખ, રહે.કુરન ઇદગાહ રોડ મસ્જીદની બાજુમાં તા.સંગમનેર જી.અહમદનગર, મહારાષ્ટ્રના કહેવાથી આ કામના આરોપી મારૂતી ભાવુસાહેબ લાડગે નાઓને આપવા

સારૂ અગાઉ પકડાયેલ આરોપી રાજેશભાઇ શંકરભાઇ પટેલ, રહે.ચોયલા, તા.બાયડ જી.અરવલ્લી નાઓએ ભરાવી આપેલ હોય, જે ગાયો તેઓના કબજાના આઇસર ટેમ્પામાં ટુંકા દોરડાથી ખીચોખીચ તથા ક્રુરતા પુર્વક બાંધી ઘાસ ચારો તેમજ પાણીની વ્યવસ્થા ન રાખી તેમજ ફર્સ્ટએઇડ બોક્સની વ્યવસ્થા ન રાખી યોગ્ય સત્તાધિકારીના દાખલા કે પુરાવા ન મેળવી તેમજ વેટરનીટી ડોકટરનાં પ્રમાણપત્રો વગર ભરી ગુજરાત રાજ્યમાથી મહારાષ્ટ્ર રાજ્યમાં લઇ જતા સ્થળ ઉપરથી ટેમ્પો નં.જીજે–૨૩–એટી–૯૫૬૩ ના ડ્રાઇવર ઇશ્વરભાઇ બચુભાઇ વાદી તથા કલીનર ઇશ્વરભાઇ પુજાભાઇ ખાંટ તથા બીજા આઇસર ટેમ્પો નં.જીજે–૨૧–ડબ્લ્યુ–૫૨૭૧ ના ડ્રાઇવર સુભાષભાઇ કોદરભાઇ ઝાલા રહે.વાસણીરીલ, તા.બાયડ જી.અરવલ્લી તથા આરોપી કલીનર વિજયભાઇ ભલાભાઇ પરમાર, રહે.શીંગપુર તા.કપડવંજ જી.ખેડા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓએ ગાયો કુલ નંગ–૦૯ એક ગાયની કિમત આશરે ૩૦,૦૦૦/– કુલ્લે ગાય નંગ–૦૯ ની કિ.રૂા.૨,૭૦,૦૦૦/– ના અગાઉ પકડાયેલ આરોપી રાજેશભાઇ શંકરભાઇ પટેલ, રહે.ચોયલા, તા.બાયડ, જી.અરવલ્લી નાઓ પાસેથી ભરાવી જઇ તપાસ દરમ્યાન પકડાઇ જઇ તથા ગાયો મંગાવનાર આ કામના આરોપી મારૂતી ભાવુસાહેબ લાડગે પાછળથી પકડાઇ જઇ, ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૫, ૮, ૯, ૧૦ તથા સુધારા અધીનીયમ ૨૦૧૧ ની કલમ–૬(ક), ૮ તથા સુધારા અધીનીયમ ૨૦૧૭ ની કલમ–૬(ક), ૪, ૮ તથા પ્રાણી ક્રુરતા નીવારણ અધીનીયમ ૧૯૬૦ ની કલમ–૧૧(ઘ,ચ,ક,ઝ,ડ) તથા પ્રાણી હેરફેરના નિયમ– ૪૬ થી ૫૬ નો ભંગ તથા ગુજરાત મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૨૩ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ એકટ ૧૧ નો સુધારો ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઇ) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) આ મતલબની ફરીયાદના આધારે કપરાડા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઈ, ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી, મુદ્દામાલ કબજે કરી અને તપાસ પુરી થયા બાદ આ કામના આરોપી વિરુધ્ધ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૫, ૮, ૯, ૧૦ તથા સુધારા અધીનીયમ ૨૦૧૧ ની કલમ–૬(ક), ૮ તથા સુધારા અધીનીયમ ૨૦૧૭ ની કલમ–૬(ક), ૪, ૮ તથા પ્રાણી ક્રુરતા નીવારણ અધીનીયમ ૧૯૬૦ ની કલમ–૧૧(ઘ,ચ,ક,ઝ,ડ) તથા પ્રાણી હેરફેરના નિયમ–૪૬ થી ૫૬ નો ભંગ તથા ગુજરાત મોટર વ્હીકલ એકટની કલમ ૧૨૩ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ એકટ ૧૧ નો સુધારો ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઇ) મુજબના ગુના સબબનુ પુરવણી ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલ આરોપીને વિના મુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીને પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકવા છે કે સરકાર ખર્ચે વકીલની મદદ મેળવવી છે ? તેમ પુછતાં, આરોપીએ પોતાના ખર્ચે ખાનગી વકીલ રોકવાનું પોતાના નિવેદનમાં જણાવેલ છે. જે નિવેદન આ કામે આંક–૧૭ થી સામેલ છે.

(૪) ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો જોતાં, આરોપી સામે પ્રથમદર્શનીય રીતે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૫, ૮, ૯, ૧૦ તથા સુધારા અધીનીયમ ૨૦૧૧ ની કલમ–૬(ક), ૮ તથા સુધારા અધીનીયમ ૨૦૧૭ ની કલમ–૬(ક), ૪, ૮ તથા પ્રાણી ક્રુરતા નીવારણ અધીનીયમ ૧૯૬૦ ની કલમ–૧૧(ઘ,ચ,ક,ઝ,ડ) તથા પ્રાણી હેરફેરના નિયમ– ૪૬ થી ૫૬ નો ભંગ તથા ગુજરાત મોટર વ્હીકલ એકટની કલમ ૧૨૩ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ એકટ ૧૧ નો સુધારો ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઇ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને વ્યાજબી કારણો જણાય છે. વધુમાં સને–૨૦૧૭ માં ગુજરાત સરકારે ગુજરાત પશુ સંરક્ષણ અધિનીયમની કલમ ૮ માં સજા અંગે સુધારો કરેલ છે. તે ધ્યાને લેતાં અને કેસ કઈ કોર્ટે ચલાવવો તે જણાવેલ ન હોય તે ધ્યાને લેતાં તથા કિ.પ્રો.કોડ ની કલમ ૨૬ ધ્યાને લેતાં તથા કિ.પ્રો.કોડ ના શીડુયલ–૨ ધ્યાને લેતાં, સદરહું ગુના અંગેની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને છે. જેથી સી.આર.પી.સી ની કલમ– ૨૦૯ મુજબ કમીટલ હુકમ  કરવો જરૂરી અને ન્યાયીક જણાતો હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

૧. આ કામના **આરોપી મારૂતી ભાવુસાહેબ લાંડગે** નાઓની સામેનો કેસ સી.આર.પી.સી. ની કલમ–૨૦૯ અન્વયે નામદાર ચોથી એડી. સેશન્સ કોર્ટ, ધરમપુર ને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કેસ ના તમામ કાગળો વિગતવાર ફાઈલમાં તૈયાર કરી નામદાર ચોથી એડી. સેશન્સ કોર્ટ, ધરમપુર ને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પ્રસ્તુત કેસને દિન–૧૫ માં નામદાર ચોથી એડી. સેશન્સ કોર્ટ, ધરમપુર ને મોકલી આપવું.

૪. આ કામના આરોપીના જામીનદારે પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓ નામ.સેશન્સ કોર્ટમાં, કેસ પુરો ન થાય ત્યાં સુધી જામીન તરીકે ચાલુ રહેશે, તેવી પુરસીસ આપી બાંહેધરી આપેલ છે.

૫. આ કામના આરોપીને **તા. ૨૩–૦૭–૨૦૨૬** ના રોજ નામદાર ચોથી એડી. સેશન્સ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહેવાનો હુકમ કરવામાં આવે છે.

૭. આ કેસ કમીટ કર્યા ની જાણ વિ. જીલ્લા સરકારી વકીલશ્રી ને કરવી.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| Date: 30/06/2026<br>Place : Kaprada | (KAMLESH KISHANCHAND NATHANI),<br>Judicial Magistrate First Class.<br>Kaprada<br>CODE NO. GJ 01449 |